# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2023** **Midday : 1.20 to 1.30**
**Day : Sunday** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

- **સ્વચ્છતા માટે "એક તારીખ, એક કલાક, એક સાથે" પહેલના ભાગરૂપે દેશભરમાં શ્રમદાન કાર્યક્રમનું આયોજન- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેગા સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો.**
- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તેલંગાણામાં વિવિધ વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે.**
- **ગુજરાતમાં વિવિધ શ્રમદાન પ્રવૃત્તિઓનું આયોજન કરાયું- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદથી શ્રમદાનની પ્રવૃત્તિમાં જોડાયા.**
- **તમિળનાડુના કુન્નુર બસ અકસ્માતમાં આઠ વ્યક્તિના મોત- પ્રધાનમંત્રીએ મૃતકોને બે લાખ અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી.**
- **ચીનમાં યોજાઇ રહેલા એશિયન ગેમ્સમાં 11 સુવર્ણ, 16 રજત અને 14 કાંસ્ય ચંદ્રકો સાથે 41 ચંદ્રકો મેળવી ભારત ચોથા સ્થાને પહોંચ્યું.**

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## DAY SWACHHATA-EK GHANTA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર આજે દેશભરના લોકો મેગા સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો. શ્રી મોદીએ મહાત્મા ગાંધીને તેમની જન્મજયંતિની પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલિ આપવા માટે આજે સવારે 10 વાગ્યે સ્વચ્છતા અભિયાન માટે એક કલાકના શ્રમદાન માટે નાગરિકોને અપીલ કરી હતી. ગત મન કી બાત કાર્યક્રમમાં, પ્રધાનમંત્રીએ સ્વચ્છતા હી સેવા અભિયાનના મહત્વ પર ભાર મૂક્યો હતો, તેમણે કહ્યું કે તમામ ક્ષેત્રના નાગરિકો બજારની જગ્યાઓ, રેલ્વે ટ્રેક, જળાશયો, પ્રવાસન સ્થળો અને પૂજા સ્થાનો સહિત જાહેર સ્થળોએ સફાઈ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યા છે.

ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, મીનાક્ષી લેખી અને અન્ય નેતાઓએ રાષ્ટ્રીય રાજધાનીમાં સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો. આ મેગા સ્વચ્છતા અભિયાન હેઠળ શહેરી અને ગ્રામીણ ભારતમાંથી શ્રમદાન માટે 6 લાખ 40 હજારથી વધુ સ્થળોએ શ્રમદાન કાર્યક્રમ યોજાયો.. દેશભરમાં લગભગ 35 હજાર આંગણવાડી કેન્દ્રોને દત્તક લેવા માટે ગામડાના સમુદાયો આગળ આવ્યા છે. આ અનોખી પહેલમાં ભારતીય સેના, નેવી અને એરફોર્સના જવાનોએ પણ નાગરિકો સાથે મળીને વિવિધ સ્થળોની સફાઈ કરી છે.

## PMVisit-Telangana

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેલંગાણાના મહેબૂબનગરમાં અનેક વિકાસ યોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે અને 13 હજાર કરોડ રૂપિયાથી

વધુના પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ રોડ અને રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, આરોગ્ય, ઉર્જા અને પાવર સાથે સંબંધિત છે.

પ્રધાનમંત્રી હસન-ચારલાપલ્લી એલપીજી પાઈપલાઈન રાષ્ટ્રને સમર્પિત કરશે. તેને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડે 2 હજાર 661 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કર્યું છે. આ સાથે એલપીજી ગેસ ગ્રાહકોની સંખ્યામાં 37 લાખનો વધારો થશે. શ્રી મોદી આંધ્ર પ્રદેશમાં કૃષ્ણપટ્ટનમ અને હૈદરાબાદ વચ્ચે મલ્ટી-પ્રોડક્ટ પાઇપલાઇનના નિર્માણ માટે શિલાન્યાસ કરશે. 1 હજાર 932 કરોડના ખર્ચનો આ પ્રોજેક્ટ ડીઝલ, પેટ્રોલ, કેરોસીન અને જેટ ઇંધણના પરિવહન અને સપ્લાયને સરળ બનાવશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ મુજબ, પ્રધાનમંત્રી મંગળવારે નિઝામાબાદ જશે. તેઓ 821 કરોડ રૂપિયાના ખર્ચના કેટલાક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે તેઓ રામાગુંડમ ખાતે 6 હજાર કરોડ રૂપિયા ના ખર્ચે NTPCના 800 મેગાવોટના અત્યાધુનિક પાવર પ્લાન્ટને રાષ્ટ્રને સમર્પિત કરશે. આમાં ઉત્પન્ન થતી વીજળીનો 85 ટકા તેલંગાણામાં ઉપયોગ થશે. આ પ્રોજેક્ટ ઉત્તર-દક્ષિણ ગ્રીડની કનેક્ટિવિટી વધારશે અને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી કરશે.

## GUJARAT SHRAMDAN

ગુજરાતના તમામ જિલ્લાઓમાં આજે સ્વચ્છતા માટે એક તારીખ, એક કલાક એક સાથે પહેલના ભાગરૂપે વિવિધ શ્રમદાન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના રાણીપમાં શ્રમદાનમાં ભાગ લીધો, જ્યારે મુખ્યમંત્રી

ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં તેમના વિધાનસભા મતવિસ્તાર ઘાટલોડિયામાં સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો. રાજ્યભરમાં વિવિધ સ્થળોએ મંત્રીઓ અને ધારાસભ્યો સહિત વિવિધ જનપ્રતિનિધિઓ એક કલાક સુધી શ્રમદાન પ્રવૃત્તિઓમાં જોડાયા.

અમદાવાદના અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ભૂમિ ગુજરાતમાં આજે મોટી સંખ્યામાં શ્રમદાન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં 'સ્વચ્છતા હી સેવા' પોર્ટલ પર 30 હજારથી વધુ શ્રમદાન કાર્યક્રમો નોંધાયા છે, જેમાં આશરે 25 લાખથી વધુ લોકો ભાગ લે તેવી સંભાવના છે. શ્રમદાન કાર્યક્રમોમાં 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી' અને 'ઝીરો વેસ્ટ પહેલ'ને પ્રોત્સાહિત કરવામાં આવશે.

'સ્વચ્છતા હી સેવા' અભિયાન હેઠળ, રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં અત્યાર સુધીમાં કુલ સવા લાખ પ્રવૃત્તિઓ પૂર્ણ કરવામાં આવી છે, જેમાં લગભગ ત્રણ કરોડ ગ્રામવાસીઓની ભાગીદારી નોંધવામાં આવી છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત રાજ્યના 11 હજાર જેટલા બ્લેક સ્પોટ પર મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ટ્રાવેલ લાઈફ ઝુંબેશ અંતર્ગત રાજ્યના 14 મુખ્ય આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળોએ સ્વચ્છતા અભિયાનપણ હાથ ધરવામાં આવ્યું હતું..

## PM-MALDIVES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડૉ. મોહમ્મદ મુઈઝુને માલદીવના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા બદલ શુભેચ્છા પાઠવી છે. એક સંદેશમાં,

પ્રધાનમંત્રી કહ્યું કે ભારત-માલદીવ દ્વિપક્ષીય સંબંધોને સમય સાથે મજબૂત કરવા અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં સહયોગને વધારવા માટે પ્રતિબદ્ધ છે.

## NILGIRIS-TOURIST BUS ACCIDENT

તમિલનાડુના કુન્નુરમાં ગઈકાલે એક પ્રવાસી બસ ખીણમાં પડતાં આઠ લોકોનાં મોત થયાં છે અને 42 લોકો ઘાયલ થયાં છે. બસમાં તેનકાસીના 60 પ્રવાસીઓ હતા. અકસ્માત સમયે આ બસ ઉટીથી પરત ફરી રહી હતી. ઘાયલોને ઉટીઅને કોઈમ્બતુરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## PM- EX GRATIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તામિલનાડુના કુન્નૂર બસ અકસ્માતમાં મૃતકના પરિવારજનોને બે લાખ રૂપિયાની અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. શ્રી મોદીએ કહ્યું કે તમિલનાડુના કુન્નૂર પાસે થયેલા અકસ્માતમાં મૃત્યુ પામેલા પ્રતિ દુઃખ વ્યક્ત કર્યું અને ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના પણ કરી.

## ASIAN GAMES DAY 8 LATEST

ભારતે એશિયન ગેમ્સમાં 11 સુવર્ણ, 16 રજત અને 14 કાંસ્ય ચંદ્રક સાથે કુલ 41 ચંદ્રકો મેળવી મેડલ યાદી પર ચોથા સ્થાને પહોંચી ગયું છે.

હાંગઝોઉમાં ચાલી રહેલી એશિયન ગેમ્સના 8મા દિવસે, મેન્સ ટ્રેપ ટીમ શૂટિંગ ઈવેન્ટમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. કિનાન ડેરિયસ ચેનાઈ, ઝોરાવર સિંહ સંધુ અને પૃથ્વીરાજ ટોન્ડાઈમનની બનેલી ભારતીય ટુકડીએ ભારતને 361 પોઈન્ટ મેળવવામાં મદદ કરી હતી . મહિલા ટ્રેપ ટીમ ઈવેન્ટમાં પણ ભારતને રજત ચંદ્રક મળ્યો છે. ટીમમાં મનીષા કીર, પ્રીતિ રજક અને રાજેશ્વરી કુમારીનો સમાવેશ થતો હતો. જેમથી મનીષા કિરે વ્યક્તિગત મહિલા ટ્રેપ ઈવેન્ટની ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું હતું. ઉપરાંત મહિલા વ્યક્તિગત ગોલ્ફ ઈવેન્ટમાં અદિતિ અશોકે સિલ્વર મેડલ જીત્યો હતો.

ઉલ્લેખનીય છે કે ભારતીય પુરુષ બેડમિન્ટન ટીમ આજે ફાઇનલમાં ચીન સામે ટકરાશે. અને ભારતીય મહિલા હોકી ટીમ ખંડીય શોડાઉનની તેમની બીજી મેચમાં આજે દક્ષિણ કોરિયા સામે ટકરાશે.

## ARMY-33RAISING DAY

આજે આર્મી તાલીમ કમાન્ડનો 33મો સ્થાપના દિવસ ઉજવી રહી છે. આ પ્રસંગે જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ લેફ્ટનન્ટ જનરલ એસ. એસ. મહલે કમાન્ડ સાથે જોડાયેલા તમામ જવાનો અને તેમના પરિવારજનોને અભિનંદન પાઠવ્યા છે. આર્મી તાલીમ કમાન્ડની સ્થાપના 1 ઓક્ટોબર, 1991ના રોજ મધ્ય પ્રદેશના મહુમાં કરવામાં આવી હતી. હાલમાં આ સંસ્થા શિમલામાં આવેલી છે.

આ કેન્દ્રમાં યુદ્ધ અને શાંતિ બંને સમય સંબંધિત તાલીમ આપવામાં આવે છે. તેમાં અગ્નિવીર માટેની તાલીમનો પણ સમાવેશ થાય છે. લેફ્ટનન્ટ જનરલ મહેલે કહ્યું કે રશિયા-યુક્રેન યુદ્ધના

અનુભવોને પણ તાલીમમાં ઉમેરવામાં આવી રહ્યા છે. જનરલ મહેલે જણાવ્યું હતું કે તાલીમમાં મહિલા સશક્તિકરણ માટેના પગલાં પણ લેવામાં આવી રહ્યા છે અને હવે મહિલાઓને પ્રતિષ્ઠિત નેશનલ ઈન્ડિયન મિલિટરી કોલેજ - RIMC અને NDAમાં સામેલ કરવામાં આવી રહી છે. આર્મી તાલીમ કમાન્ડના દેશભરમાં કુલ 34 તાલીમ કેન્દ્રો છે.

## REV MAHA- IMD RED ALERT

હવામાન વિભાગે આજે ભારે વરસાદ ની આગાહીને લઈને માછીમારોને મહારાષ્ટ્ર-ગોવા-કર્ણાટકના દરિયાકાંઠે અને તેની બહાર પૂર્વ મધ્ય અરબી સમુદ્રમાં ન જવાનું સૂચન કરવામાં આવ્યું છે.

પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પરનું ડીપ્રેશન ગઈકાલે રાત્રે પણજી (ગોવા) અને રત્નાગીરી (મહારાષ્ટ્ર) વચ્ચે દક્ષિણ કોંકણ કિનારે ઓળંગ્યું હતું. તે આગામી 24 કલાક દરમિયાન ઉત્તર-પૂર્વ તરફ આગળ વધવાની અને હળવા દબાણ વિસ્તારમાં નબળું પડવાની સંભાવના છે. કોંકણ, ગોવા અને દક્ષિણ મહારાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ સાથે મોટાભાગના સ્થળોએ હળવા અથવા મધ્યમ વરસાદની સંભાવના છે.

આગામી 12 કલાક દરમિયાન મહારાષ્ટ્ર-ગોવા-કર્ણાટકના દરિયાકાંઠે અને તેની બહાર પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પર દરિયાની સ્થિતિ વધારે બદલવાની સંભાવના છે જે પછી ધીમે ધીમે સુધરશે..

## KERALA-PERIYAR RIVER ACCIDENT

કેરળમાં એર્નાકુલમ જિલ્લાના પરાવુર નજીક ગઈ મધ્યરાત્રિની આસપાસ પેરિયાર નદીમાં કાર પડતાં બે યુવાન ડૂબી ગયા હતા.

એક મહિલા સહિત કારમાં સવાર અન્ય ત્રણ લોકોને સ્થાનિક લોકો અને ફાયર ફોર્સના જવાનોએ બચાવી લીધા હતા. તેઓ કોચી ખાતે મળ્યા બાદ કોડુંગલુર પરત ફરી રહ્યા હતા. સ્થાનિકોએ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ભારે વરસાદને કારણે આ અકસ્માચ બન્યો હોઇ શકે છે.